R.N.I. No. : GUJGUJ/2000/447-
અયૂબ ૪૦ : ૧૯
Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com
YEAR-27 • ISSUE: 18 DATE: 05-05-18• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-
આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## છેલ્લા પાંચ વર્ષમાં બેન્કોમમાં એક લાખ કરોડના કૌભાંડો થયા

છેલ્લા પાંચ વર્ષમાં વિવિધ બેન્કોમાં એક લાખ કરોડના કૌભાંડ થયા છે.અને તે એક બે નહીં પરંતુ ૨૩,૦૦૦ કૌભાંડો છે.૨૦૧૬-૧૭માં નોધાયેલા ૫૦૦૦ કેસોની તુલનાએ એપ્રિલ ૨૦૧૭ થી ૧ માર્ચ ૨૦૧૮ સુધીમાં ૫૧૫૨ કેસો નોધાયા છે.કૌભાંડોની સંખ્યા અને તેમાં સંડોવણીની રકમ જોતાં ભારતીય બે ન્કીંગ સેકટર ભ્રષ્ટાચાર અને કૌભાંડોનું પર્યાય બની ગયું હોય તેમ જણાય છે.

એક આરટીઆઈમા મળેલા જવાબ મુજબ એપ્રિલ ૨૦૧૭ થી ૧ માર્ચ ૨૦૧૮ દરમિયાન નોધાયેલા કેસોમાં અત્યાર સુધીમાં નોધાયલો કેસોમાં સૌથી વધુ ૨૮૪૫૯કરોડની રકમ સંડોવાયેલી છે.તેમ મધ્યમ બેન્કે જણાવ્યુ છે.૨૦૧૬-૧૭માં બેન્કોએ ૨૩,૯૩૩ કરોડના ૫૦૭૬ કેસો નોધ્યા હતા.૨૦૧૩થી ૧ માર્ચ ૨૦૧૮ સુધીમાં ૧ લાખ કે તેથી વધુના ૨૩૮૬૬ કેસો નોધાયા હતા. તમામ કેસોમાં સંડોવાયેલી કુલ રકમનો આંકડો ૧,૦૦,૭૧૮ કરોડ જેટલો થાય છે.તેમ આરટીઆઈમાં જણાવાયું હતું.સૌથી મોટા કૌભાંડોમાં ગીતાજંલી જેમ્સના નિરવ મોદી અને મેહુલ ચોકસી દ્વારા પંજાબ નેશનલ બેન્ક સાથે આચરાયેલું રુ.૧૩૦૦૦કકરોડનું કૌભાંડ છે. સીબીઆઇ દ્વારા તાજેતરમાં જ આઈડીબીઆઈમાં રુ.૬૦૦ કરોડના લોન કૌભાંડના કેસમાં જોહર ક્ષેત્રની બેન્કના ટોચના અધિકારીઓ,આઈડીબીઆઈ બેન્કના પુર્વ સીએમડી,એરસેલના ભુતપુર્વ પ્રમોટર અને તેમના પુત્ર સામે ગુનો નોધાયો છે.

સરકારના આંકડો અનુસાર દેશની તમામ બેન્કોની કુલ નોન પર્ફોમીંગ એસેટ્સ ડિસે.૨૦૧૭ના રોજ રુ.૮,૪૦,૯૫૮ કરોડ રહેવા પામી છે.જેમાં સૌથી વધુ હિસ્સો ઓધ્યોગિક લોનનો હતો.જ્યારે ત્યાર પછીના ક્રમે સર્વીસીસ તથા કૃષિ સેકટરની લોનનો આવે છે.

## ન્યાયતંત્ર અત્યારે કપરા સમયમાંથી પસાર થઇ રહ્યુ છે : નિવૃત જજ પાટિલ

જસ્ટીસ બી.એસ. લોયા કેસમાં સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો તેને કાળો દિવસ ગણાવનાર બોમ્બે હાઈકોર્ટના નિવૃત ન્યાયાધીશ બી.જી. કોલસે પાટિલે તેમની હત્યા થવાનો ડર વ્યકત કર્યો હતો.તેમણે રાચીમાં એલાયન્સ ફોર જસ્ટીસ એન્ડ પીસ દ્વારા આયોજીત જજ કન્વેશનમાં લોકતંત્રની સુરક્ષા વિષય પર બોલતાં કહ્યુ હતું કે મને સતત ડરાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. મારી સાથે કંઈ પણ બની શકે છે. પાટિલે જણાવ્યુ હતું કે સોહરાબુદ્દીન શેખના બનાવટી એન્કાઉન્ટર કેસની સુનાવણી કરનાર જજ બી.એસ.લોયાનું શંકાસ્પદ સંજોગોમાં મોત થયું હતું. લોયા ઉપરાંત તેમના બે વિશ્વાસુ એડવોકેટ શ્રીકાંત ખંડાલકર અને નિવૃત જજ પ્રકાશ થોમ્બરેની પણ હત્યા કરવામાં આવી છે.પાટિલે દાવો કર્યો હતો કે આ કોઈ અકસ્માત નહોતો. હવે મારો નંબર છે પણ હું સત્ય કહેતા કયારેય ડરીશ નહીં.

જસ્ટીસ પાટિલે કહ્યુ હતું કે ભારતમાં લઘુમતી, આદિવાસી,દલિત અને ગરીબ વર્ગ ડરેલો છે.તેમના મૌલિક વિચારોનું હનન થઈ રહ્યું છે.સાંપ્રદાયિક તાકાતોએ લોકતંત્રના તમામ કેન્દ્ર પર કબજો જમાવ્યો છે.પણ દેશનું બધારણ બધાને સમાન અધિકાર આપે છે.ક્યાં પણ અન્યાય થાય તો તેની વિરુધ્ધ લોકોએ અવાજ ઉઠાવવો જોઈએ. તેનો વિરોધ કરવો જોઈએ. સાચું બોલતાં ડરશો નહીં.

જસ્ટીસ લોયા સોહરાબુદીન એન્કાઉન્ટર કેસની સુનાવણી કરતાં હતા. ત્યારે પહેલી ડિસે.૨૦૧૪માં તેમનું મોત થયું હતું.તેમના મૃત્યુંનુ કારણ હ્દયરોગનો હુમલો થયો હોવાનું જણાવાયું હતું. પરંતુ તેમના મોત બાબતે તેમની બહેન અનુરાધાએ સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કેરેવાન સામયિકને જણાવ્યુ હતું કે એવી ઘણી બાબતો છે જેના કારણે તેમના ભાઈના મોત બાબતે સંદેહ છે.આ ઘટનાની સ્વતંત્ર તપાસ કરવા માટે જન હિતની અરજી કરવામાં આવી હતી.જેને સર્વોચ્ચ અદાલતે રાજકાણથી પ્રેરિત ગણા વીને ફગાવી દીધી હતી.દિલ્હી હાઈકોર્ટના ભુતપુર્વ જસ્ટીસ એ.પી.શાહે સર્વોચ્ચ અદાલતના નિર્ણયને સદંતર ખોટો અને ન્યાયશાસ્ત્રની દષ્ટિએ ઘણી બાબતે અયોગ્ય ગણાવ્યો હતો.

## વરિષ્ઠ પત્રકાર જે ડેની હત્યાકાંડમાં ડોન છોટા રાજન દોષિત અન્ય ૯ ને જન્મટીપની સજા

અંડરવર્લ્ડની વિરુધ્ધ લખનાર વરિષ્ઠ પત્રકાર જે ડે ની હત્યા કરવાના ગુનાસર સ્પેશીયલ મકોકા કોર્ટે અંડરવર્લ્ડ ડોન છોટા રાજન સહિત ૯ ને દોષિત ઠરાવ્યા અને તેમને જન્મટીપની સજા ફરમાવી હતી.છોટા રાજને જ જેડેની હત્યા કરવાનું કાવતરુ રચ્યું હતું તે સિધ્ધ થતાં તેને અન્ય આરોપીઓ સાથે જન્મટીપની સજા કરવામાં આવી હતી.આ કેસમાં કુલ૧૩ આરોપીઓ હતા.એક આરોપી વિનોદ અસરાની ઉર્ફે વિનોદ ચેમ્બુરનું જેલમાં જ મોત થયું હતું.જ્યારે એક આરોપી નારાયણ બિસ્ટ હજી પણ ફરાર છે.પત્રકાર જિજ્ઞા વોરા અને જોસેફ પોલ્સનને કોર્ટે નિર્દોષ ઠેરવ્યા હતા.મકોકા કોર્ટે છોટા રાજન,શુટર સતીષ કાલિયા, અને અનિલ વાધમારે,અરુણ જર્નાદન,દીપક સીસોદીયા અને સચિન ગાયકવાડને ગુનેગાર ઠેરવ્યા હતા.છોટા રાજન હાલમાં તિહાર જેલમાં છે જેને બાલીથી પકડવામાં આવ્યો હતો.તેની જુબાની વીડીયો કોન્ફરન્સથી લેવામાં આવી હતી.

છોટા રાજનને શંકા હતી કે જેડે તેના દુશ્મન દાઉદ ઈબ્રાહીમ સાથે જોડાઈ ગયો છે. તપાસ દરમિયાન એવું બહાર આવ્યુ હતું કે ચેમ્બુરના સહકાર સિનેમા બ્લેકમાં ટીકીટ વેચી ગુનાખોરીમાં પ્રવેશ્યા બાદ ધીમે ધીમે અંડરવર્લ્ડમાં ડોન બનેલા રાજને જેડે (ચીંદી) નાનો સુનો ગણતો હતો.વળી જેડે એમ પણ કહેતો હતો કે છોટા રાજનનો દેશભક્ત ડોનનો દાવો ખોટો છે.અંડરવર્લ્ડ પર જેડેએ બે પુસ્તકો લખ્યાં હતા.ઝીરો ડાયલ અને ખલ્લાસ જેમાં તેણે રાજનને ખરાબ ચીતર્યો હતો.અને દાઉદની પ્રશંશા કરી હતી.એ બેઉ પુસ્તકો પ્રકાશિત થઈ ગયા હતા. જેડે બીજા બે પુસ્તકો લખી રહ્યો હતો.જેમાં એક પુસ્તકનું નામ ચીંદી હતું જેમાં પણ રાજનને નબળો ચીતરવામાં આવ્યો હતો.વળી એ પુસ્તકમાં તેણે છોટા રાજનની ઓઈલ.ડીઝલ અને ચંદનનો સ્મગલીંગનો ભાંડો ફોડી નાંખ્યો હતો.એક નાનો એવો ટપોરી કઈ રીતે રુપીયાની છોળો ઉડાડતો થયો હતો તેનું તેણે વર્ણન કર્યુ હતું.એથી ગિન્નાયેલા રાજને તેનો કાંટો કાઢી નાંખ્યો હતો.

પત્રકાર જીજ્ઞા વોરા પર જેડેની હત્યા કરવા માટે છોટા રાજનને ઉશ્કેરવાનો આરોપ હતો.સબળ પુરાવા કોર્ટમાં રજુ કરવામાં આવ્યા નહતો તેથી કોર્ટે તેને છોડી મુકી હતી.છોટા રાજન સાથે જિજ્ઞાએ વાત કરી અને જેડેની હત્યા માટે તેને ઉશ્કેર્યો તે પુરવાર થયું નથી.તેમજ છોટા રાજનની કબુલાત પરથી કોર્ટ તેને સજા કરી શકે તેમ પણ નથી.

જેડેની હત્યા કેસના પબ્લીક પ્રોસીક્યુટર પ્રદીપ ધરતે જણાવ્યુ હતું કે છોટા રાજન અને અન્ય આરોપીઓને સાંકળતા અનેક પુરાવા કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. જે કોર્ટે માન્ય રાખ્યા હતા.મુખ્ય પુરાવાઓમાં છોટા રાજનનું એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન હતું.જેમાં તેણે પત્રકારો સાથે વાતચીત કરીને કહ્યુ હતું કે જેડેની હત્યા તેણેજ કરાવી છે.અને શા માટે કરાવી છે તેનું પણ કારણ આપ્યું હતું.એ ઉપરાંત પોલીસે છોટારાજનનો એક ટેલીફોન ઈન્ટરસેપ્ટ કર્યો હતો.તેનું જે રેકોર્ડીંગ હતુ તેમાંનો અવાજ અને તિહાર જેલમાં બંધ કરાયા બાદ તેનો અવાજ રકોર્ટ કરી બંને અવાજની ચકાસણી કરાઇ હતી.જેમાં બેઉ અવાજ એક જ હોવાનું પુરવાર થયું હતું.આમ બધા પુરાવાઓ રાજન અને તેની ગેગના સભ્યો સાથે મેળ ખાતા હતા.

૫૬ વર્ષીય જેડે મોટાભાગે રોજ ઘાટકો પર તેમના માતાને મળવા જતા હતા. ઘટનાના દિવસો ૧૧ જુન,૨૦૧૧ના રોજ પણ તે તેમના માતાને મળ્યા બાદ પવ ઈ તેમના ઘેર જતા હતા.તે પવઈ તેમના ઘરની નજીક પહોચ્યા ત્યારે પહેલેથીજ બાઈક પર તેમની રાહ જોઈ રહેલા સતીષ કાલિયા અને તેના સાગરીતે તેમની બાઈકનો પીછો કર્યો હતો અને લાગ મળતાં જ તેમના પર ગોળીબાર કરવામાં આવ્યો હતો.

સીબીઆઈની ચાર્જશીટમાં કહેવાયું છે કે જેડેની હત્યા બાદ રાજને એક પત્રકારને ફોન કરીને એ હત્યા પોતે કરાવી હોવાની કબુલાત કરી હતી. જેમાં તેણે કહ્યુ હતું કે જે ડે મારી વિરુધ્ધ છાપામાં ઘણાબધા આર્ટીકલ લખી રહ્યો હતો.એથી મે તેને ફોન કરીને વિંનતી કરીન પુછ્યું પણ હતું કેશું તેને મારી સાથે કોઈ અંગત અદાવત છે ? તે ના કહી પણ એમ છતાં તેણે તેના લેખમાં એવું જણાવ્યુ હતું કે હું બીમાર થઈ ગયો છું અને મારી ગેંગ નબળી પડી ગઈ છે.થી મને ગુસ્સો આવ્યો અને મને એવું લાગ્યું કે એ દાઉદની ગેંગ માટે કામ કરી રહ્યો છે.મે તેને મરાવતાં પહેલા સમજાવવાની ઘણી કોશીસ કરી હતી. પરંતુ તે માન્યો નહી.આખરે તેનો અંજામ એજ આવ્યો તેનું મોત.

## લાલ કિલ્લાની જેમ અન્ય સ્મારકો પણ ખાનગી કંપનીઓને સોપાશે : પ્રવાસન મંત્રી આલ્ફોસે

લાલ કિલ્લાના સંચાલનનો કોન્ટ્રેકટ ખાનગી કંપનીને આપવાના મામલે સરકારની ટીકા કરવામાં આવી રહી છે ત્યારે પ્રવાસન મંત્રી આલ્ફોસે કહ્યુ હતું કે હજુ વધુ સ્મારકો ખાનગી કંપનીઓ સોપવામાં આવશે.તેમણે આ ઝુંબેશનો વિરોધ કરવા બદલ કોગ્રેસની ટીકા કરી હતી.અને કહ્યુ છે કે કોગ્રેસે પણ હુમાયુના મકબરાનું સંચાલન ખાનગી કંપનીને સોપ્યું હતું. આ પ્રોજેકટનો હતુ ઐતિહાસિક સ્મારકોની વધુ સારી દેખરેખ થાય તે છે

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

### નવક્રાન્તિ સાપ્તાહિક વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

પત્રકારોની જીંદગી તલવારની ધાર પર ચાલવા જેવી હોય છે.પત્રકારનું કામ સત્યને ઉજાગર કરવાનું હોય છે.પરંતુ સત્ય જ્યારે પબ્લીક સમક્ષ ખુલી જતું હોય છ ત્યારે ઘણાબધાની પોલ ખુલી જતી હોય છે. શાસ્ત્રોમાં કહેવાયું છે કે સત્ય બ્રુયાત,પ્રિયમ,બ્રુયાત,એટલે કે સાચુ બોલો પણ પ્રિય લાગે તેવું બોલો. હકીકતમાં આ શક્ય નથી.સાચી વાત સામાવાળાને કડવી લાગે છે.જ્યારે તમે પત્રકારના વ્યવસાયમાં હો ત્યારે અને તમે નીડર અને પ્રમાણિક પત્રકાર હો ત્યારે તમારા દુશ્મનોની સંખ્યામાં દરરોજ વધારો થતો જાય છે. આ નીડર અને પ્રમાણિક પત્રકારને ડિસ્ટર્બ કરવા માટે તેની પાછળ ગુંડાઓ,,પોલીસ, સરકાર,અધિકારીઓ સહિત આખી સિસ્ટમ કામે લાગી જતી હોય છે.જો આ પત્રકાર તેમ છતાં પણ ચુપ ના રહે તો તેને કાયમ માટે ચુપ કરી દેવાતો હોય છે.પત્રકારત્વના વ્યવસાય સાથે જોડાયેલા આ પ્રોફશનલ્સ હેઝાર્ડ છે. પત્રકારો સામે કાયમ બે વિકલ્પો હોય છે.એક તમે તમારા કામ સાથે બાંધછોડ કરો, સિસ્ટમમાં સામેલ થઈ જાવ અને તમારી જીંદગી એશોઆરામ અને મોજશોખથી પુરી કરો.બીજા વિકલ્પમાં તમે તમારા પત્રકારિત્વના સિધ્ધાંતોને ઝનુનપુર્વક વળગી રહો અને તમારી જીંદગીને કાયમ મુશ્કેલીમાં મુકી દો.

મુંબઈના પત્રકાર જ્યોતિમર્ય ડે જેને લોકો પ્રેમથી જેડે તરીકે બોલાવતા હતા.તેણે પત્રકાર તરીકે બીજો વિકલ્પ પસંદ કર્યો હતો. મુંબઈની પત્રકાર આલમમાં જેડેનું નામ આદરથી લેવાતું હતું.જેડેએ પોતાની કેરીયર હિન્દુસ્તાન ટાઈમ્પના વાઈલ્ડલાઈફના સબ્જેકટ પર સ્ટોરી આપવાથી શરુ કરી હતી.મુંબઈના બોરીવલી નેશનલ પાર્કમાં જે દબાણો ઉભા થતાં હતાં અને તેને કારણે નેશનલ પાર્કના પ્રાણીઓને જે તકલીફો થતી હતી તે અંગે વિગતવાર અહેવાલો પ્રસિધ્ધ કર્યા હતા.ખુદ સરકારના જુદા જૂદા વિભાગોએ પણ નેશનળ પાર્ક માટે રિઝર્વ કરેલી જગાઓમાં દબાઓ કર્યો હતા.જેડેના આ અહેવાલોથી મુંબઈ વિધાનસભામાં ભારે હંગામો થયો.

જે ડેએ પોતાની જર્નાલીસ્ટ કેરીયરમાં આફટરનુન ડિસ્પેચ,ઈન્ડીયન એક્સપ્રેસ,મીડ ડે જેવા અખબારોમાં કામ કર્યુ હતું. પરંતુ જેડેની કામગીરી મીડ ડેમાં ચર્ચાઈ હતી. મુંબઈના આ ટેબ્લોઈડમાં જે સ્ટોરી આવતી તે કાબિલેદાદ હતી. જેડે અધારી આલમની રગેરગથી વાકેફ હતો.જેડે બોમ્બે ક્રાઈમ અંગે બે બુક લખી હતી. ઝીરો ડાયલ ધ ડેન્જરસ વર્લ્ડ ઓફઈન્ફોમર્સ અને ખલ્લાસ જેમાં અંડરવર્લ્ડ ઓપરેશન અંગેની માહીતી હતી. જેડે મુંબઈના બે ટોપમોસ્ટ ગેગ લીડર દાઉદ અને છોટા રાજન પર ઘણીબધી સ્ટોરી કરી હતી.

જે ડેએ મુંબઈમાં ફાલેલા ઓઈલ માફીયા કૌભાંડ અંગે એક બહુ મોટી સ્ટોરી લખી હતી. ઓઈલ માફીયાઓનું આ કૌભાંડ ૧૦હજાર કરોડનું હતું અને તેમાં મોટા માથા સંડોવાયેલા હતા.આવાં તો કેટલાક કૌભાંડોની સ્ટૌી જેડેની બાયલાઈનથી મુંબઈના અખબારોમાં છપાતી રહી અને જેડેએ કેટલાય ગેંગસ્ટરોને ખુલ્લા પાડ્યા હતા.

જે ડેની હત્યાની તપાસ કરવાનું આશ્વાસન જે તે વખતના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે આપ્યુ હતું તે ફળ્યું અને મુંબઈ ક્રાઈમ બ્રાંચે હત્યાના ૧૬માં દિવસે જેડેની હત્યાના આરોપીઓને પકડી લીધા.આ બધા જ રાજનની ગેંગ સાથે સંકળાયેલા હતા. જો કે ક્રાઈમબ્રાંચની તપાસમાં એશિયન એજના ડેપ્યુટી બ્યુરો ચીફ જિજ્ઞા વોરાનું નામ બહાર આવ્યું.જિજ્ઞા પર જેડેની મોટરબાઈક અને તેનું સરનામું છોટા રાજને પુરુ પાડવાનો આરોપ લાગ્યો હતો.આ પહેલા આ પત્રકારે રાજન સાથે ટેલીફોન પર ૩૬ વખત વાત કરી હતી.પત્રકારો માટે આઘાતજનક બાબત હતી કે એક પત્રકારની હત્યા બીજો પત્રકાર કરાવે તે હતું.જો કે આખરે જિજ્ઞા વોરા પુરાવાના અભાવે છુટી ગઈ છે.

પત્રકારો માટે સત્ય ઉજાગર કરવું જરુરી છે. તેમાં નીડર અને પ્રમાણિક પત્રકાર હોવું પણ જરુરી છે.આવા પત્રકારનો ખબર હોતી નથી.જ્યાં સુધી દેશમાં આવા પત્રકારોની ફોજ હશે ત્યાં સુધી ખોટુ કરનારાઓ બીતા રહેશે.

( સૌ. સંદેશ)

# સંત આશારામની શેતાની લીલાને બચાવવા માટે ૨૧ નામી વકીલોની ફોજ નાકામયાબ નીવડી અને આજીવન જેલના સળીયા ગણતા થઇ ગયા

સંત આશારામને બચાવવા માટે બળાત્કાર કેસમાં અત્યાર સુધીમાં દેશના નામી ૨૧ વકીલોની ફોજે લડત આપ્યાં છતાં માત્ર બે સરકારી વકીલો પોકર રામ બિશ્નોઇ અને આર.એલ મીણાએ પાંચ વર્ષમાં તમામ નામી વકીલોને હંફાવી દીથા. સરકારી વકીલો સેલ્યુટને પાત્ર બને છે.કારણકે દેશના નામી વકીલો દેશના જધન્ય ગુનાઓમાં ગુનેગારોને છોડાવી લે છે.કેટલાક એવા ગુનાઓમાં ગણત્રીના કલાકોમાં પણ જામીન અપાવી દે છે પરંતુ આશારામના કેસમાં બધા વકીલોની કારી ફાવી નહીં.

આશારામનો કેસ લડવામાં જે ૨૧ વકીલોની ફોજ હતી તેમાં રામ જેઠમલાણી, કે.ટી.તુલસી,ઉદય રમેશ લલિત,સલમાન ખુરશીદ,સિધ્ધાર્થ લુથરા,રાજુ રામચંદ્રન,સુબ્રમણ્યમ સ્વામી, સોલી સોરાબજી, મુકુલ રોહતગી, વિકાસ સિંહ,એસ.કે જૈન, કે.કે.મેનન,મહેસ બોડા, નિલકમલ બોડા, મધરાજસિંહ સિંઘવી, સજ્જનરાજ રાણા,એન.કે બોહરા, રાજન્દ્ર ચૌધરી, ઓમકાર લખાવત ,શોકતઅલી, સોમનાથ લઢ્ઢા મુખ્ય હતા.બે સરકારી વકીલોની દલીલોએ આ ૨૧ નામી વકીલોને ફાવવા દીધા નહોતા. અને આ વકીલોએ આશારામને બચાવવા માટે ઘણી તરકીબો અજમાવી હતી પરંતુ તેઓ ફાવ્યા નહોતા.

આશારામ ના આ બળાત્કારી કેસમાં તેઓને જે રીતે સજા મળી છે તે બાબતે હજુ તેમના વકીલોને આશા છે કે તેઓ આગળની કોર્ટોમાં અપીલો કરીને તેમના અસીલને છોડવી શકશે.પરંતુ સ્પેશીયલ એસસી-એસટી જજ્ મધુસુધન શર્માએ આશારામને દોષિત જાહેર કરતા આપેલ જજમેન્ટમાં કોઈ કસર બાકી રાખેલ નથી.આશારામે પોતે દોષિત જાહેર ના થાય માટે તેના કેટલાક સાક્ષીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે.હજુ આ સાક્ષીઓને મારી નાખવાની સજા બાકી રહે છે. કોર્ટે આ બાબતોને હજુ ધ્યાને લીધી નથી. માત્ર તેને બળાત્કાર કેસમાં સજા કરવામાં આવેલ છે.

આ કેસમાં જે પીડીતા હતી તે છેક છેલ્લે સુધી મકકમ રહી શકી તેથી તે ધન્યાવાદને પાત્ર છે. આશારામે જે રીતે કેસમાંથી છુટી જવા માટે દેશના નામી વકીલોની ફોજ ને પોતાના હક્ક માટે તૈયાર કરી હતી તે બતાવી આપે છે કે નાણાંની કોથળીઓ ઢીલી કરવા છતાં તેમની કોઈ કારી ફાવી નથી. ધન્યવાદને પાત્ર જજ અને સરકારી વકીલો છે કે જેમણે છેક સુધી લડાઈમાં જે ફરિયાદી છે તેને ન્યાય મળે માટે પોતાને અકબંધ રાખી અને તમામ પ્રકારની લોભ લાલચોથી પોતાની જાતને બચાવી રાખી તે પ્રશંશનીય છે.

પીડીતાએ આ કેસ બાબતે એટલુ કહ્યુ કે ન્યાય મળ્યો છે તે બાબતે આનંદ છે પરંતુ જેઓને છોડી મુકાયા તેમને પણ સજા થવી જોઈતી હતી.પરંતુ ચુકાદા બાબતે અમો સંતુષ્ટ છીએ.મીડીયા અને ન્યાયતંત્રનો તેમણે આભાર માન્યો હતો કે તેમણે તેમને સહકાર આપ્યો બદલ અમો તેમના આભારી છીએ.

જો કે આશારામના કેટલાક ખાસ ભક્તો દ્વારા હજુ પણ તેમના નિર્દોષપણા બાબતે તેમના નિવેદનો આવી રહ્યા છે. તે પૈકીના એન્કાઉન્ટર કેસના આરોપી પુર્વ આઈપીએસ વણઝારાએ નિવેદન આપ્યુ હતું કે આશારામ નિર્દોષ છે.પીડીતા પર બળાત્કાર જ થયો નથી માત્ર સ્પર્શ થયો હોવાનું કહેવાયું છે.પીડીતાના મેડિકલ ટેસ્ટ થયેલા છે તે મુજબ તેનું કોમાર્ય ખંડતિ થયું નથી.અને તેના હાઈમન અકબંધ છે.પીડીતાએ પોલીસ રુબરુ કે ૧૬૪ના તેના નિવેદનમાં કે ટ્રાયલ દરમિયાન પણ ક્યારેય પોતાના પર બળાત્કાર થયો હોવાનું બતાવ્યું નથી.એફઆઈઆરમાં પણ બળાત્કારની વાત જ નથી.એફઆઈઆરમાં માત્ર એટલુંજ છે કે બદઈરાદાથી તેની સાથે સ્પર્શ કરવામાં આવ્યો હતો.આટલા જ ચાર્જમાં તેમને દોષિત ઠરાવાયા છે.

હવે આ ચુકાદાની સામે હાઈકોર્ટમાં જવા માટે આશારામના વકીલો તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.જો કે સજાની જાહેરાત થતાં જ આશારામના ભકતોમાં સન્નાટો છવાઈ ગયો હતો. આશારામના કેટલાક આશ્રમોમાં હવનની સાથે ભકતોએ પ્રાર્થના શરુ કરી દીધી છે.ભુતકાળમાં બાબાઓની ધરપકડ અને સજા સામે જે તેના ભક્તો એ હિંસાચાર અને અશાંતિ સર્જી હતી તેવુ બન્યું નથી તે સુખદ બાબત છે.

દક્ષિણ અમેરીકામાં મળી આવતું બિર્ટન પક્ષી વાઘની માફક અવાજ કાઢે છે.

હાથી એક માત્ર એવું પ્રાણી છે જેને ચાર ઘુંટણ છે.

શિકારી પ્રાણીઓમાં સૌથી નાનું હ્દય સિંહનું હોય છે.

ન્યુઝીલેન્ડના દરિયાકાંઠેથી મળી આવતી સ્વેલ શાર્ક માછલી કુતરાની જેમ ભસી શકે છે.

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# ૧લી મે
# ૫૮મો
# ગુજરાત ગૌરવ દિવસ
## સુખ,સમૃધ્ધિ અને સલામતી ગુજરાતની એ જ પ્રગતિ

**સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૧૮ ચોમાસું બેસે તે પહેલાં જળસંચયનો વ્યાપ વધારવા રાજ્ય સરકારનું નક્કર આયોજન**

**ખેડુત હિતકારી સરકાર રૂ.૫૦૦૦ કરોડથી વધુ રકમની મગફળી,તુવેર, રાયડો,ચણા,ડાંગરની ટેકાના ભાવે મોટાપાયે કરી ખરીદી**

**NAMO ટેબલેટ ડિપ્લોમાં તેમજ સ્નાતક કક્ષાના ત્રણ લાખ વિદ્યાર્થીઓંઓને રૂ.૧૦૦૦ના ટોકનદરે ટેબલેટ**

**પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના ગુજરાતના કુલ ૧૩,૩૮,૬૧૩ ગરીબ પરિવારોને રાંધણગેસ જોડાણનો મળ્યો લાભ**

**ગુજરાતી ભાષાનું ગૌરવ રાજ્યના તમામ બોર્ડ અને સ્થાનિક શાળાઓમાં ધો.૧થી ૮ સુધી ગુજરાતી ભાષા વિષય તરીકે ફરજીયાત**

**આધુનિક ટેકનિક દ્વારા ટ્રાફિક નિયમન, અમદાવાદ,વડોદરા, સુરત,રાજકોટમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારને સીટી સર્વેલન્સ ઇન્ટેલીજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમથી મળશે ઇ- ચલણ**

**મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના : સરકાર તરફથી સ્નાતકને માસિક રૂ.૪૫૦૦, ડિપ્લોમાં ધારકને માસિક રૂ. ૩૫૦૦, અન્યને માસિક રૂ.૩૦૦૦ની સહાય. આ યોજનામાં જોડાનાર ઊધોગ અને વ્યાપારગૃહો પણ આપશે વધારાની સહાય. ૧ લાખ યુવાનોને મળશે લાભ**

**ડિસેલિનેશન પ્લાન્ટ : સૌરાષ્ટ-કચ્છમાં દરિયાના ખારા પાણીને મીઠુ કરી લોકને સુવિધા પુરી પાડવા, જોડિયા, જામનગર ખાતે ઊભા કરાશે ડિસેલિનેશન પ્લાન્ટ : પ્રોજેક્ટ સફળ થયેથી બીજા દસ ડિસેલિનેશન પ્લાન્ટનું આયોજન**

**વંચિતોની દરકાર : ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ અનુસુચિત જાતિના લાભાર્થીઓને શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં મકાન સહાય રૂ.૭૦ હજારથી વધારીને રૂ.૧.૨૦ લાખ કરાઇ**

**કોમન જીડીસીઆરનો અમલ : શહેરી વિસ્તારોમાં ગરીબ-મધ્યમવર્ગના લોકોને પારદર્શક,સરળ અને ઝડપથી સસ્તાભાવે મળી આવાસ સુવિધા**

**સોલાર પાર્ક : ધોલેરા સરમાં સ્થપાશે ૫૦૦૦ મેગાવોટનો વિશ્વનો સૌથી વિશાલ સોલર પાર્ક**

**ભ્રષ્ટાચાર નાબદુ ઝુંબેશ : ભ્રષ્ટાચારની બદીને નેસ્તનાબુદ કરવા લાંચ રુશ્વત વિરોધી દળ આધુનિક સુવિધાઓથી બન્યું સજ્જ**

**આદિજાતિ સસક્તિકરણઃ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રૂ.૧૩૨૭૮ કરોડની જોગવાઇઃ પેસા એક્ટનો અસરકારક અમલ.**

**મુખ્યમંત્રી અમૃતમ(મા) અને મા વાત્સલ યોજના : ગરીબ-મધ્યમવર્ગના દર્દીઓને સારવારમાં રાહત : આવકમર્યાદા વધારીને રૂ.૩ લાખ કરાઇ : રૂ.૬ લાખની આવક ધરાવતાં કુટુંબના સીનીયર સીટીઝન્સને પણ મળશે લાભ.**

**ગુજરાતની વિકાસયાત્રામાં ગુજરાતનો પ્રત્યેક જન સહભાગી : શ્રી નીતીનભાઇ પટેલ,નાયબ મુખ્યમંત્રી ગુજરાત**

## સુપ્રીમ કોર્ટના જજ તરીકે ઇન્દુ મલ્હોત્રાની નિમણુંક કરાઇ અને જોસેફની નિમણુંક નકારાઈ

સરકાર અને ન્યાયતંત્ર વચ્ચે ચાલી રહેલા ગજગ્રાહ વચ્ચે સરકારે એડવોકેટ ઈન્દુ મલ્હોત્રાની નિમણુંક કરી છે.જો કે ઉત્તરાખંડના હાઈકોર્ટના ચીફ જસ્ટીસ કે.એમ.જોસેફની નિમણુંક અંગે સરકારે પોતાનો નિર્ણય જણાવ્યો નથી.સુપ્રીમ કોર્ટની કોલેજીયમે ગત ૨૨ જાન્યુઆરીએ જસ્ટીસ જોસેફ અને એટવોકેટ મલ્હોત્રાની નિમણુંક માટે ભલામણ સરકારને મોકલી આપી હતી.ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં ફાઇલ અંગે કામગીરી આગળ ધપાવ્યા બાદ ભલામણ પર અમલ અટકાવી દેવાયો હતો.કારણકે માત્ર ઈન્દુ મલ્હોત્રાને જ સુપ્રીમ કોર્ટના જજ તરીકે નિયુક્તિ કરવા માંગતી હતી.હવે સરકારે તેનું વલણ સ્પષ્ટ કરી દીધું છે કે તે માત્ર મલ્હોત્રાને જ નિયુક્તિ આપશે.સરકાર માને છે કે જસ્ટીસ જોસેફના નામની ભલામણ કરીને કોલેજીયમે સીનીયોરીટી અને પ્રાદેશિક પ્રતિનિધિત્વનો અનાદર કર્યો છે.

ખરેખર તો હકીકત એ છે કે જસ્ટીસ જોસેફ ભાજપ સરકાર વિરુધ્ધ પોતાનો ચુકાદો એક કેસમાં આપતાં ભાજપની શાખ બગડી હતી તે વાતને ધ્યાનમાં લઈને તેમની નિયુક્તિ અટકાવવામાં આવી છે.આ ઉપરાતં જસ્ટીસ જોસેફ લઘુમતી સંપ્રદાયમાંથી આવે છે તેથી તે બાબત પણ તેમને ખટકે છે.સરકારની નીતિઓ હવે દેશની દરેક સંસ્થા તેમના પાળતુ કુતરા જેવી હોય કે પાળતુ પોપટ જેવી હોય તેવી ધારણામાં રાચે છે. સીબીઆઇ અન એનઆઈએ માટે દેશભરના સમાચાર પત્રોમાં આ બાબત ચર્ચાઇ ચુકી છે.સરકાર વિરુધ્ધ પોતાના ચુકાદાઓ આપી શકે તેવી કોઈપણ વ્યક્તિને સરકાર તેમના પદો પર નિયુક્તિ આપવા ઈચ્છતી નથી. તે હવે સિધ્ધ થઈ ચુક્યું છે.ન્યાયતંત્ર ઉપર સરકારનો હસ્તક્ષેપ માટે સુપ્રીમ કોર્ટના સીનીયર જજ્જો આ જ બાબતોથી વિરોધ કરી રહ્યા છે.

## ચીફ જસ્ટીસ સામે મહાભિયોગનો પ્રસ્તાવ ઉપરાષ્ટ્રપતિએ ફગાવી દીધો

કોગ્રેસના નેતૃત્વમાં ૭ વિપક્ષના ૬૪ નેતાઓએ સહી કરીને ચીફ જસ્ટીસ વિરુધ્ધ મહાભિયોગનો પ્રસ્તાવ રજુ કર્યો હતો જેને ઉપરાષ્ટ્રપતિ અને રાજયસભાના અધ્યક્ષ વૈંકૈયા નાયડુએ ફગાવી દીધો હતો.ઉપરાષ્ટ્રપતિએ લાંબા વિચારવિમર્શ પછી,નિષ્ણાંતોની સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ આ મહાભિયોગનો પ્રસ્તાવ ફગાવવાનો નિર્ણય લીધો હતો.પોતાના ૧૦ પાનાના આદેશમાં નાયડુએ વિપક્ષોના તમામ આરોપોને નિરાધાર અને બેબુનિયાદ ઠેરવ્યા હતા.આદેશમાં જણાવ્યા પ્રમાણે ચીફ જસ્ટીસ સામે મહાભિયોગ ચલાવવાના કોઈ નક્કર કારણો કે પુરાવા ન હતા.બીજો આધાર એ હતો કે નોટીસ આપ્યા પછી કોગ્રેસે તરતજ પ્રેસ કોન્ફરન્સ કરી હતી જે સંસદીય પરંપરાનો ભંગ કરનારી હતી. છેલ્લા તેમને આદેશમા કહ્યુ હતું કે તમામ તથ્યો અને હકીકતો પર ગંભીરતાથી વિચાર કર્યા પછી હું આ મહાભિયોગની નોટિસને મંજુર કરતો નથી.

કોગ્રેસના નેતા કપિલ સિબ્બલે કહ્યુ હતું કે પાર્ટી દ્વારા નાયડુના નિર્ણયને સુપ્રીમમાં પડકારાશે.સુપ્રીમ કોર્ટ જે નક્કી કરશે તે અમને શિરોમાન્ય છે.નાયડુનો નિર્ણય નિરાશાજનક છે.ન્યાયતંત્રની ગરિમા અને શાખ બચાવવા માટે આ નોટિસ લાવવામાં આવી હતી. આ ઉતાવળે લેવાયેલ નિર્ણય છે.ઉપરાષ્ટ્રપતિએ કોલેજીયમ અને નિષ્ણાતોની સલાહ લેવાની જરુર હતી.ચીફ જસ્ટીસ સામેના આરોપોની તપાસ કરવાનો તેમને અધિકાર નથી.તેમણે માત્ર સહીઓ અને સંખ્યાબળ જોવાનું હતું. પ્રશાંત ભુષણે નોટિસ ફગાવવાના નિર્ણયને રાજકીય ગણાવ્યો હતો.ચીફ જસ્ટીસને બચાવવા મોદી સરકારના દબાણથી કામ થઈ રહ્યુ છે.શિવસેનાએ નોટિસ ફગાવાઈ તે પણ એક રાજકારણ ગણાવ્યુ હતું.

## સુપ્રીમ કોર્ટે કોલિજીયમની બેઠક પુરી, જસ્ટીસ જોસેફને મુદ્દે નિર્ણય મુલતવી

સુપ્રીમ કોર્ટના પાચ જસ્ટીસના બનેલા કોલેજીયમે ઉત્તરાખંડ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ કે.એમ.જોસેફના નામની પુનઃ ભલામણ માટે હાલમાં કોઈ નિર્ણય લીધો નથી.ઉલ્લેખનીય છે કે જસ્ટીસ કે.એમ. જોસેફને બઢતી આપીને સુપ્રીમ કોર્ટમાં નિમણુંક આપવા માટે કોલેજીયમે અગાઉ કરેલી દરખાસ્તની ફાઈલ કોલેજીયમને પરત કરી હતી. કોલેજીયમની બેઠકમાં ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ જે. ચેલમેશ્વર,રાજન ગોગોઈ,મદન બી લોકુર, અને કુરીયન જોસેફનો સમાવેશ થાય છે. બેઠકમાં જસ્ટીસ કે.એમ.જોસેફના મુદે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નહોતો.કેન્દ્ર સરકારે કે.એમ.જોસેફને સુપ્રીમ કોર્ટમાં બઢતી માટે કોલેજીયમે કરેલી ભલામણની પુનઃ વિચારણા માટે પાછી મોકલી હતી. સરકારનું કહેવું હતું કે દરખાસ્તને સર્વોચ્ચ અદાલતના માપદંડને અનુરુપ નહોતી.સરકારનું કહેવું છે કેસુપ્રીમ કોર્ટમાં કેરળનું પુરતું પ્રતિનિધિત્વ છે. અને જસ્ટીસ જોસેફ કેરળના છે.જસ્ટીસ જોસેફ જુલાઈ ૨૦૧૪થી ઉત્તરાખંડના ચીફ જસ્ટીસ છે અને આ વર્ષે જુન મહિનામાં તેઓ ૬૦ વર્ષના થઈ જશે. ઉલ્લેખનીય છે કે કે.એમ.જોસેફની બેન્ચે જ નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના નિર્ણયને પલટી દીધો હતો અને પછી કોગ્રેસે ઉત્તરાખંડમાં ફરી સરકાર રચી હતી.કોલેજીયમ પુનઃ ભલામણ કરી હોત તો સરકારને કે.એમ.જોસેફની નિમણુંક કરવી પડે તેમ હોઈ હાલમાં કોલેજીયમ પર દબાણ લાવી નિર્ણય લેવા અટકાવી દેવામાં આવ્યો હોય તેમ લાગે છે.જો સરકારના કેટલાક નિર્ણયો સામે સ્પષ્ટ આદેશ આપી દેનારા જજો કોર્ટોમાં મોજુદ હશે તો ન્યાયતંત્રથી સરકાર ચોક્કસ ગભરાશે.નહીતર સરકારને સરમુખત્યાર બનતાં વાર લાગશે નહીં.તેવું કેટલાક નિવૃત જજોએ કરેલા નિવેદનો પરથી લાગી રહ્યું છે.લોકશાહી ખતરામાં છે એવું વારંવાર ગાઈવગાડીને કહનારા જજો સરકારને આપખુદ બનતા રોકવા આલબેલ વગાડી છે.

## સરકારના હસ્તક્ષેપ સામે સુપ્રીમના સિનિયર જજ્જોની નારાજગી સાથે સુપ્રીમ કોર્ટમાં સબ સલામત નથી

ભારતના મુખ્ય ન્યાયાધીશ દિપક મિશ્રા સામે મહાભિયોગનો પ્રસ્તાવ ચલાવવા માટે સાત વિરોધપક્ષોએ નોટિસ આપ્યાના બે દિવસ પછી સુપ્રીમ કોર્ટના બે વરિષ્ઠ ન્યાયાધીશો જસ્ટીસ રંજન ગોગોઈ અને જસ્ટીસ મદન લોકુરે ચીફ જસ્ટીસને પત્ર લખીને સુપ્રીમ કોર્ટના ભાવી અને સંસ્થાગત મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ફુલ કોર્ટ એટલે કે સુપ્રીમ કોર્ટના તમામ ન્યાયાધીશોની બેઠક બોલાવવાની માંગ કરી છે.

સુપ્રીમ કોર્ટમાં સબ સલામત નથી તેના સંકેતો વરિષ્ઠ ન્યાયાધીશોમાં પ્રવર્તતા અસંતોષ પરથી મળી રહે છે.અગાઉ જાન્યુઆરી માસમાં ચાર વરિષ્ઠ ન્યાયાધીશોએ પત્રકાર પરિષદ બોલાવીને સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટીસ દ્વારા મનામાની કરતી હોવાના આરોપો મુકાયા હતા.પત્ર લખનારા બે ન્યાયાધીશો પૈકીના એક જસ્ટીસ રંજન ગોગોઈ ઓક્ટો. માસમાં જસ્ટીસ મિશ્રાની નિવૃત્તિ બાદ ચીફ જસ્ટીસ તરીકેનો કાર્યભાર સંભાળશે.

ચીફ જસ્ટીસ મિશ્રાને લખેલા બે લીટીના પત્રમાં કોલેજીયમના સભ્ય એવા જસ્ટીસ ગોગોઈ અને જસ્ટીસ લોકુરે સુપ્રીમ કોર્ટના ભવિષ્ય અને સંસ્થાગત મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ન્યાયિક પક્ષે ફુલ કોર્ટ બોલાવવાની માંગ કરી છે.જો કે ચીફ જસ્ટીસે આ પત્ર પર હજુ કોઈ પ્રત્યાઘાત આપ્યો નથી.સુત્રોએ જણાવ્યા મુજબ સુપ્રીમ કોર્ટના તમામ ન્યાયાધીશો ચા પર એકઠા થયા હતા ત્યારે તે પરંપરાગત સવારની બેઠકમાં કેટલાક ન્યાયાધીશોએ ફુલ કોર્ટનો મુદ્દો ઉઠાવ્યો હતો.

જસ્ટીસ ગોગોઇ અને જસ્ટીસ લોકુરે સંસ્થાગત મુદ્દાઓ અને ભાવિ એ બે શબ્દનો ઉપયોગ કરી ન્યાયતંત્રની સ્વતંત્રતા પર સવાલ ઉઠાવ્યો છે.સુપ્રીમ કોર્ટે અને હાઈકોર્ટમાં ન્યાયાધીશોની નિયુક્તિ માટે કોલેજીયમ દ્વારા કરાયેલી ભલામણોની સરકાર અવગણના કરી રહી છે.લોકશાહી પર ખતરાનો મતલબ છે કે સુપ્રીમ કોર્ટને સીબીઆઈ જેમ પોપટ બનાવાશે ?


### કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





### વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

### કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧

### AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

### ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક:એ. એમ. મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.